ઈકોનોમિક ટાઈમ્સ | અમદાવાદ | ગુરુવાર | ૧૫ ડિસેમ્બર, ૨૦૧૧

# ઇન્ડઆર્ય ગ્રીન પાવરની ગુજરાત ઓફિસ શરૂ થઈ

**ભૂજઃ** ગ્લોબલ ગ્રીન એનર્જી કંપની ઈન્ડઆર્ય ગ્રીન પાવર પ્રાઈવેટ લિમિટેડે તેની ગુજરાત ઓફિસનું સોમવારે ભૂજમાં ઉદ્ઘાટન કર્યું છે. કંપનીનો સૂચિત પ્રોજેક્ટ ઈન્ટિગ્રેટેડ રિન્યુએબલ એનર્જી પાર્ક કચ્છ જિલ્લામાં અબડાસા તાલુકામાં આકાર લેશે. તે આ પ્રકારનો એશિયામાં સૌ પ્રથમ અને ભારતનો સૌથી મોટો પ્રોજેક્ટ હશે જેમાં સૌર ઊર્જા, પવન ઊર્જા, ઊર્જા વાવણી અને બાયો-માસ ઊર્જા ઉત્પાદનનો સમન્વય હશે. કંપનીના જણાવ્યા મુજબ તે એશિયા પેસિફિક રિજનમાં ૨૦૧૪ સુધીમાં ૩,૦૦૦ મેગાવોટની સોલર પાવર ઉત્પાદન ક્ષમતા સ્થાપવાનો લક્ષ્યાંક ધરાવે છે.